ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org
વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટસ/રજી ઓકટો/૨૦૧૮/ ૧૧૯૩ તા.૧૧/૧૦/૨૦૧૮

૯૯

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય :** **ગત તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા: ૦૨/૧૦/૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**

બિડાણ:– એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાના:– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા.૦૨જી–ઓકટોમ્બર–૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ તા.૦૨જી ઓકટોમ્બર–૨૦૧૮ ના રોજ મંગળવારે સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એમ.જી.ઠક્કર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |

| | | |
|---|---|---|
| શ્રી પ્રવિણભાઇ પીંડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.તેજલ શેઠ,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. તા.૦૪/૦૮/૨૦૧૮ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
(નોંધ:– ગત તારીખ તા.૦૪/૦૮/૨૦૧૮ની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવ:– ૧. તા.૦૪/૦૮/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ ઠરાવનં.૧૮ માં રજુઆત ગ્રાહય ન ''રાખવાનું'' શબ્દ સુધારા સાથે મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૨. પદવીદાન સમારંભમાં ડિગ્રી એનાયત કરવા બાબત.

**ઠરાવ:– ૨. કચ્છ યુનિવર્સિટીના ૮માં પદવીદાન સમારોહમાં કુલ–૪૩૨૧ ડીગ્રી સર્ટીફિકેટ એનાયત કરવા, જ્યારે વધારાની ૮૧૩ ડીગ્રી છપાઇ ગઇ અને ૧૩૦ ડીગ્રી છાપવાની રહી જવા બાબતે માન.કુલાધિપતિશ્રીને એપોલાઇઝ પત્ર પાઠવી ડીગ્રી પરત મોકલાવવા અને આ બાબતે સીસ્ટમ ઇજનેરશ્રીને સ્પષ્ટતા કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. અધ્યાપકશ્રીઓના પ્રોબેશન પીરીયડ પૂર્ણ થવા બાબત.

**ઠરાવ:– ૩. કચ્છ યુનિવર્સિટીમાં નિમણુંક પામેલ નીચે મુજબના અધ્યાપકશ્રીઓનો આજમાયશી કાર્યકાળ પૂર્ણ થતાં લાંબાગાળાની નિમણુંક કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | રીમાકર્સ |
|---|---|---|
| ૧ | ડો.ગૌરવ ચૌહાણ | |
| ૨ | ડો.સીમા શર્મા | |
| ૩ | ડો.ચીરાગ બી.પટેલ | |
| ૪ | શ્રી.આશિષ વસાવા | |
| ૫ | ડો.જયદેવસિંહ રાયજાદા | |

૪. તોલાણી કોમર્સ કોલેજ–આદીપુર ખાતે બી.વોક અભ્યાસક્રમની એલ.આઇ.સી.બાબત.

**ઠરાવ:– ૪. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તોલાણી કોમર્સ કોલેજ ખાતે બી.વોક અભ્યાસક્રમ અન્વયે તમામ પ્રકારની એલ.આઇ.સી. મોકલી રીપોર્ટના આધારે સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. સંલગ્ન કોલેજોમાં આચાર્યશ્રીઓની ભરતીના નીતિ નિયમો ઘડવા બાબત.

**ઠરાવઃ– ૫. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આચાર્યશ્રીઓની ભરતી નિયમો માટે એન.સી.ટી.ઇ. અને યુ.જી.સી.ની ગાઇડલાઇન/લાયકાત અલગ–અલગ હોઇ શિક્ષણ વિભાગ, રાજયસરકારશ્રીનું આ બાબતે માર્ગદર્શન મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. બાબા નહારસિંહ ઇન્દ્રપ્રસ્થ મહાવિદ્યાલય ખાતે બી.એડ્.(સ્પેશિયલ) અભ્યાસક્રમ બંધ કરવા સરકારશ્રીમાંથી જોડાણ બંધ કરવા અંગેનું જાહેરનામું આવી ગયેલ હોઇ કોલેજને એફ.ડી. પરત કરવા તથા તે અંગેની કાર્યવાહી કરવા બાબત.

**ઠરાવઃ– ૬. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન બાબા નહારસિંહ ઇન્દ્રપ્રસ્થ મહાવિદ્યાલય ખાતે બી.એડ્.(સ્પેશિયલ) અભ્યાસક્રમ બંધ કરવા સરકારશ્રીમાંથી જોડાણ બંધ કરવા અંગેનું જાહેરનામું આવી ગયેલ હોઇ કોલેજને એફ.ડી. પરત કરવા તથા તે અંગેની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ ખાતે બીબીએ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓના અભાવે વર્ષ ૨૦૧૫–૧૬થી જ બંધ કરવા તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર અન્વયે કાર્યવાહી કરવા બાબત.

**ઠરાવઃ–૭. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ ખાતે બીબીએ અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૫–૧૬થી રાજય સરકારે મંજુરી આપેલ ન હોવાથી બંધ કરવા અંગે સરકારશ્રીની મંજુરીનો પ્રશ્ન રહેતો ન હોવાથી બંધ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવા તથા એફ.ડી.પરત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ–આદીપુર ખાતે સેલ્ફ ફાયનાન્સ ધોરણે ટી.વાય.બી.એસસી. બોટની વિષય શરૂ કરવા કરેલ રજૂઆત બાબત.

**ઠરાવઃ–૮. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ–આદીપુર ખાતે સેલ્ફ ફાયનાન્સ ધોરણે ટી.વાય.બી.એસસી. બોટની વિષય શરૂ કરવા અન્વયે એલ.આઇ.સી. મોકલી રીપોર્ટના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. કચ્છ યુનિવર્સિટીની સ્થાપના થતા ગુજરાતમાંથી તબદીલ થઇને આવેલ કોલેજોની એફ.ડી. અંગે.

**ઠરાવઃ– ૯. કચ્છ યુનિવર્સિટી સ્થાપના પહેલાં સંલગ્ન કોલેજો ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન હોઇ તત્કાલિન સમયે એફ.ડી. ગુજરાત યુનિવર્સિટીના સંયુકત નામે કરાવેલ હોવાથી સબંધિત કોલેજ જે–તે એફ.ડી. ત્યાં બંધ કરાવી એફ.ડી. વ્યાજ સહિત રકમ અત્રે કચ્છ યુનિવર્સિટી ના સંયુકત નામે જમાં કરાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ–આદીપુર ખાતે ચાલુ વર્ષે યુ.જી.સી.સ્કીમ અંતગર્ત મળેલ મંજૂરી અન્વયે બી.વોક.અભ્યાસક્રમ અંગેની એફ.ડી. લેવા તથા સરકારશ્રીમાંથી લેવાની થતી એન.ઓ.સી.અને જાહેરનામા અંગે.

ઠરાવઃ—૧૦ કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ—આદીપુર ખાતે ચાલુ વર્ષે યુ.જી.સી.સ્કીમ અંતગર્ત મળેલ મંજૂરી અન્વયે બી.વોક.અભ્યાસક્રમ અંગેની એફ.ડી. કરવા અંગે સરકારશ્રીમાં માર્ગદર્શન મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૧. પીએચ.ડી.અંતગર્ત જી.ડી.પી.આઇ. અને આર.એ.સી.માં આવનાર નિષ્ણાતોના માનદ્વેતન બાબત.

ઠરાવઃ—૧૧ કચ્છ યુનિવર્સિટીમાં પી.એચ.ડી. અંતગર્ત જી.ડી.પી.આઇ.માં રૂ.૨૦૦૦/— ચૂકવવામાં આવતાં હોઇ પી.એચ.ડી. અંગેના આર.એ.સી. માટે પણ રૂ.૨૦૦૦/— ચુકવવા અને માર્ગદર્શકને રૂ.૧૫૦૦/— ચૂકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૨. પીએચ.ડી.અંતગર્ત સત્રદીઠ લેઇટ ફી બાબત.

ઠરાવઃ—૧૨ કચ્છ યુનિવર્સિટીમાં પી.એચ.ડી. અંતગર્ત સત્ર દીઠ રૂ.૨૫૦૦/— સ્વીકારવા તથા દર છ માસે પોગ્રેસ રીપોર્ટ મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૩. ડો.તેજલ જે.શેઠને કાર્ય.કુલસચિવ તથા ઓ.એસ.ડી.(ફાય.)ની વિશેષ ફરજ માંથી મુકત કરવા ચર્ચા—વિચારણા બાબત.

ઠરાવઃ—૧૩ કચ્છ યુનિવર્સિટીના ડો.તેજલ જે.શેઠને કાર્ય.કુલસચિવ તથા ઓ.એસ.ડી.(ફાય.)ની વિશેષ ફરજ માંથી મુકત કરવા કુલપતિશ્રીએ રસ ધરાવતાં કર્મચારીશ્રી પાસેથી સહમતી મેળવી ચાર્જ સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૪. શ્રી એન.કે.ઓઝા, ટેક્નિકલ એડ્વાઇઝર તરીકેની સેવા માંથી મુકત કરવાની મોખિક રજૂઆત બાબત.

ઠરાવઃ—૧૪ શ્રી એન.કે.ઓઝા, ટેક્નિકલ એડ્વાઇઝર તરીકેની સેવા માંથી મુકત કરવાની મોખિક રજૂઆત બાબતે શ્રી એન.કે.ઓઝા ને માત્ર ટેકનીકલ એડવાઇઝર તરીકે ચાલુ રાખવા અને ફાઇનાન્સીયલ બાબતો માટે નિવૃત ઇન્જીનીયરની નિમણુંક કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૫. તાઃ૨૩/૦૮/૨૦૧૮, તાઃ૨૪/૦૮/૨૦૧૮ તથા તાઃ૨૫/૦૯/૨૦૧૮ની ખરીદ, બાંધકામ તથા નાણાં સમિતિની સંયુકત સભાનીક મિનિટ્સને બહાલી બાબત.

ઠરાવઃ—૧૫ તાઃ૨૩/૦૮/૨૦૧૮, તાઃ૨૪/૦૮/૨૦૧૮, તાઃ૨૫/૦૯/૨૦૧૮ તથા તા.૨૯/૦૯/૨૦૧૮ ની ખરીદ, બાંધકામ તથા નાણાં સમિતિની સંયુકત સભાનીક મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.

## અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ

૧૬. બાંધકામ શાખાના વડાની જવાબદારી સોંપણી બાબતે.

**ઠરાવઃ—૧૬** કચ્છ યુનિવર્સિટીના બાંધકામ શાખાના વડાની જવાબદારી અને ફાઇનાન્સીયલ બાબતો માટે નિવૃત ઇન્જીનીયરની નિમણુંક કરવા, GEM ની ખરીદ પ્રક્રિયામાં શ્રી અનીલ દબાસીયાની જગ્યાએ ડો.રામ સોંદરવાનું નામ ઉમેરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૭. શ્રી દીલીપ ધોરીયાને ગોલ્ડ મેડલ એનાયત કરવા બાબત.

**ઠરાવઃ—૧૭** કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થી શ્રી દિલીપ ધોરીયાને જે—તે સમયે ક્ષતિના કારણે વર્ષ—૨૦૧૨નો ગોલ્ડ મેડલ તેમના સ્થાને કું. ખુશ્બુ ઠક્કરને અપાઇ જતાં તેમને અપાયેલ ગોલ્ડ મેડલ રદ કરી પરત મેળવવા તથા શ્રી દિલીપ ધોરીયાને ૮માં પદવીદાન સમારંભમાં એનાયત કરવા અંગે મંજુરી આપવા અને તે અંગેનું જાહેરનામું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૮. એલિજીબીટી સર્ટીફિકેટ ઇસ્યુ કરવા બાબતે..

**ઠરાવઃ—૧૮** કચ્છ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને ધોરણ—૧૨નું રીઝલ્ટ આવેથી પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓને પ્રોવિઝીનલ એલિજીબીટી સર્ટીફિકેટ ઇસ્યુ કરવા, વિદ્યાર્થીઓએ પરીક્ષાના ફોર્મ ભરાય તે પહેલાં મૂળ માર્કસીટ કાર્યાલયમાં રજુ કરવાની રહેશે. અન્યથા પ્રવેશ આપોઆપ રદ થશે અને આવા વિદ્યાર્થીના એન્રોલમેન્ટ નંબર જનરેટ થશે નહિ. તે અંગે પરીપત્ર કરી અમલીકરણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

તા.૧૦/૧૦/૨૦૧૮

આપનો વિશ્વાસુ

કુલસચિવ(ઇ.ચા.)

**નકલ સવિનય રવાનાઃ—** માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.